મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. ની પ્રસ્તુતિ . . .

# દૂધસાગર પત્રિકા

Dudhsagar The Pride of India

Amul The Taste of India

અંક : 12 I વર્ષ - 5 I જુલાઈ - 2026 (સળંગ અંક : 60) www.dudhsagardairy.coop twitter.com/dudhsagardairy dudhsagardairyofficial youtube.com/c/DudhsagardairyCoop

## દૂધસાગરને આંગણે પશુપાલનને વ્યવસાયની મુખ્યધારામાં લાવવા માટે સમૃદ્ધિનો નવો



# સૂર્યોદય

પશુપાલનના વ્યવસાયમાં નવો પ્રાણ સંચાર કરવા

**ગુજરાત સરકાર, દૂધસાગર ડેરી અને મહેસાણા ડિસ્ટ્રીક્ટ બેન્કનો સહિયારો પ્રયાસ**

- તબેલા માટે સરળ લોન
- ગુજરાત સરકાર 7.5% વ્યાજ સહાય આપશે
- સરળ અને ઝડપી પ્રક્રિયા
- પશુપાલનના ધંધાને નવી તક

**પશુપાલકોની કુલ 1486 અરજીઓ મળેલ છે. જેમાંથી પ્રથમ તબક્કામાં 640 મંજૂરી હુકમો આપવામાં આવ્યા છે. બીજા તબક્કામાં અંદાજીત 600 વધુ મંજૂરીઓ અપાશે. આમ, દૂધસાગરના કાર્યક્ષેત્રમાં 15000 નવા પશુઓ ઉમેરાશે.**

















# દૂધાળાં પશુ યોજના દૂધઘર, ગોડાઉનના મંજૂરીપત્ર એનાયત કરાયા

**પ્રથમ તબક્કામાં 640 પશુપાલકોને બાર દૂધાળાં પશુ યોજના હેઠળ તબેલાની મંજૂરી મળી, બીજા તબક્કામાં આશરે 600 વધુ મંજૂરીઓ મળશે. આમ, ડેરીના કાર્યક્ષેત્રમાં 15000 દૂધ આપતાં નવા પશુઓનો વધારો થશે**

**વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ અને કેન્દ્રીય સહકાર મંત્રી અમિતભાઈ શાહના માર્ગદર્શન હેઠળ દેશમાં સહકાર ક્ષેત્રને નવી દિશા મળી છે. પશુપાલકો અને ખેડૂતોના કલ્યાણ માટે આવી લાભદાયક યોજનાઓ અમલમાં મૂકવા બદલ મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને ગુજરાત રાજ્ય સરકારનો આભાર માનું છું : અશોકભાઈ ચૌધરી**

ભારત અને ગુજરાત રાજ્ય સરકાર સાથે સતત વૈચારિક અને ભાવનાત્મક જોડાણ અને "દૂધસાગર પ્રથમ !" ના મંત્રને સાકાર કરતો એક સમારોહ મહેસાણા દૂધસાગર ડેરીના આંગણે તાજેતરમાં યોજાઈ ગયો હતો. અમૂલ અને દૂધસાગર ડેરીના ચેરમેનશ્રી અશોકભાઈ ચૌધરીના અધ્યક્ષ સ્થાને આયોજિત ગુજરાત સરકારની વિવિધ પશુપાલન કલ્યાણ યોજનાઓ અંતર્ગત બાર દૂધાળાં પશુયોજના અને દૂધઘર તથા ગોડાઉન મંજૂરી પત્રોના વિતરણ કાર્યક્રમમાં ઐતિહાસીક સંખ્યામાં પશુપાલક ભાઈ બહેનોને મંજૂરીપત્રો તથા ચેકનું વિતરણ કરવામાં આવ્યું હતું. મહેસાણા દૂધસંઘ સાથે જોડાયેલા પશુપાલકો આ યોજનાનો મહત્તમ લાભ મેળવી શકે તે માટે ડેરી દ્વારા પ્રથમ વખત મહેસાણા ડિસ્ટ્રીક્ટ સેન્ટ્રલ કો-ઓપરેટીવ બેન્ક સાથે મળીને આ હકારાત્મક વિચારને સાકાર રુપ પ્રાપ્ત કરાવવામાં સફળતા મળી છે. ગુજરાત સરકાર- દૂધસાગર ડેરી અને ડિસ્ટ્રીક્ટ બેન્કના આ સંયુક્ત પ્રયાસથી પશુપાલકોને સહાય, ધિરાણ અને યોગ્ય માર્ગદર્શન માટે One Window Facility (એક જ સ્થળ) ઉપલબ્ધ થતાં તેઓને દૂધ ઉત્પાદન વધારવા અને પશુપાલકોની આવક બમણી કરવામાં ભારે મદદ મળી રહેવાની છે. આ કાર્યક્રમમાં બાર દૂધાળાં પશુ યોજના હેઠળ દૂધસાગર ડેરીના ઈતિહાસમાં પ્રથમ વખત ૬૪૦ પશુપાલકોને એક સાથે - એક મંચ ઉપર તબેલાના મંજૂરી પત્રો એનાયત કરવામાં આવ્યા હતા. આ યોજના હેઠળ એક પશુપાલકને તમામ લાભો મળતાં ગુજરાત રાજ્ય સરકાર તરફથી રુ.૩.૫૪ લાખ સુધીની સહાય પ્રાપ્ત થશે. આ ઉપરાંત, મહેસાણા ડિસ્ટ્રીક્ટ કો. ઓપરેટીવ બેંક દ્વારા દરેક લાભાર્થીને ઓછામાં ઓછા એક ફાર્મ માટે રુ. ૯.૬૦ લાખ સુધીનું ધિરાણ આપવામાં આવશે. અને, જેના ભાગરુપે ડિસ્ટ્રીક્ટ બેન્ક દ્વારા કુલ રુપિયા ૫૦ કરોડથી વધુનું ધિરાણ પશુપાલકોને પુરુ પાડવામાં આવનાર છે. પશુઓની ખરીદી માટે લેવાયેલી લોનના વ્યાજ ઉપર પશુપાલન વિભાગ દ્વારા સબસિડી આપવાની પણ યોજના છે. જે પશુપાલકો માટે આ વ્યવસાયમાં ઉત્સાહજનક વાતાવરણ પુરુ પાડશે.

દૂધસાગર ડેરીના અનેક મહાન કામોના સાક્ષી રહેલા સ્વ.માનસિંહભાઈ પૃથ્વીરાજભાઈ પટેલ ઓડિટોરીયમમાં આયોજિત આ કાર્યક્રમમાં ૧૨ દૂધ મંડળીઓને આધુનિક સુવિધાઓ માટે સહાયની સાથે પશુપાલકોની ઉન્નતિ અને ગ્રામ્યસ્તરે દૂધ વ્યવસ્થાપન મજબૂત કરવા માટે દૂધઘર અને ગોડાઉન યોજના ના ઉપલક્ષમાં વિવિધ ગ્રામીણ દૂધ મંડળીઓના હોદ્દેદારોને મંજૂરી પત્રો સુપ્રત કરવામાં આવ્યા હતા. ગુજરાત સરકાર દ્વારા પશુપાલકોના ઉત્સાહને અકબંધ રાખી આ વ્યવસાયમાં નવો પ્રાણ પુરવા કાર્યરત કરવામાં આવેલી આ યોજનાઓથી ગામડાઓમાં દૂધ સંગ્રહ, સંચાલન અને આધુનિક સુવિધાનો વિકાસ થવાની સંભાવનાઓ ખૂબ વધી જવા પામશે.

ત્યારે, ગુજરાતના ખેડૂતો અને પશુપાલકો માટે ભારત અને ગુજરાત સરકાર ઘર આંગણે પશુપાલનના ધંધામાં વધુને વધુ ખેડૂતો અને અન્ય ગ્રામીણ નાગરિકો જોડાય તે માટે પ્રોત્સાહન આપવાની આ યોજનાઓ ને દૂધસાગર ડેરીનો આ સામૂહિક મંજૂરી પત્ર વિતરણ કરવાનો કાર્યક્રમ સરકારની ઉદાર ભાવનાના દર્શન કરાવતો હતો.

હાલમાં, ગુજરાત સરકાર તરફથી તબેલાઓ અંગેની બે યોજનાઓ (૧) બાર દૂધાળાં પશુ યોજના (૨) વીસ દૂધાળાં પશુ યોજનાઓ ચાલી રહી છે. જેમાં, અગાઉ પશુપાલકો ખૂબ ઓછો રસ ધરાવતા હતા પરંતુ, દૂધસાગર ડેરીના ચેરમેનશ્રી અશોકભાઈ ચૌધરીએ આ વખતે ૧૦૦૦ તબેલાનો લક્ષ્યાંક ડેરીના સી.એસ. અને વેટરનરી વિભાગને સોંપેલ હતું. આ બંને વિભાગોની અથાગ મહેનતને પરિણામે આજે " બાર દૂધાળાં પશુ યોજના" માં ૧૧૫૬ અને "વીસ દૂધાળાં પશુ યોજના" માં 330 અરજીઓ એમ કુલ મળીને ૧૪૮૬ તબેલાઓ માટેની અરજીઓ થયેલ છે. જેમાં, પ્રથમ તબક્કામાં







તક ઉપલબ્ધ હોય તો જાકારો ન અપાય ...

# પશુપાલનને એક અદના વ્યવસાયરુપે અપનાવવાનો સૂવર્ણ સમય આવી ગયો છે !

ગુજરાત સરકારની વિવિધ પશુપાલન કલ્યાણ યોજનાઓ ઉપલબ્ધ છે. આપણે તેના માટે એક સપોર્ટ સિસ્ટમ પણ ઉભી કરી છે. આજના કાર્યક્રમમાં 640 પશુપાલકોને બાર દૂધાળાં પશુઓના તબેલાની મંજૂરી મળી છે. બીજા તબક્કામાં 600 તબેલાઓને મંજૂરી મળશે. એ મુજબ, આપણા કાર્યક્ષેત્રમાં આશરે 15000 નવા પશુઓ ઉમેરાશે. આ પશુપાલકો જો વિજ્ઞાનનો સહારો લઈ એમ્બ્રિયો ટ્રાન્સફર અપનાવતા થાય તો નજીકના ભવિષ્યમાં વાસ્તવિક અર્થમાં આપણે દૂધ સંપાદનના આપણા લક્ષ્યાંકની નજીક પહોંચી શકીશું.

૬૪૦ મંજૂરીના હુકમો આપવામાં આવ્યા છે. બાકીના અંદાજે ૬૦૦ હુકમો બીજા તબક્કામાં આપવામાં આવશે. આમ, મેનેજમેન્ટના નક્કી કરેલા લક્ષ્યાંક કરતાં પણ વધુ કામગીરી થયેલ છે.

આ તબક્કે ; અમૂલ ફેડરેશન (GCMMF) અને દૂધસાગર ડેરીના ચેરમેન શ્રી અશોકભાઈ ચૌધરીએ ભારતના વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી, કેન્દ્રિય સહકાર મંત્રી

| ૧૨ દૂધાળાં પશુ યોજનાનું સાગર મૂલ્યાંકન | | | |
|---|---|---|---|
| વર્ષ | થયેલ અરજી | પૂર્ણ થયેલ કામ | કામની ટકાવારી |
| ૨૦૨૧-૨૨ | ૧૦૦ | ૨૪ | ૨૪% |
| ૨૦૨૨-૨૩ | ૭૭ | ૧૫ | ૧૯.૪૮% |
| ૨૦૨૩-૨૪ | ૩૧ | ૧૨ | ૩૮.૭૦% |
| ૨૦૨૪-૨૫ | ૬૨ | ૧૮ | ૨૯.03% |
| ૨૦૨૫-૨૬ | ૭૨ | ૪૨ | ૫૮.33% |
| વર્તમાન વર્ષ | ૧૧૫૬ | પ્રથમ તબક્કાના ૬૪૦ મંજૂરી હુકમો અપાઈ ચૂક્યા છે. બીજા હુકમો ઉપર કાર્યવાહી ચાલુ છે | |

શ્રી અમિતભાઈ શાહ અને ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલનો મંચ ઉપરથી આભાર માન્યો હતો. અને સહકારના ક્ષેત્રને વધુ ઉંચાઈએ લઈ જવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

પશુપાલકોને પ્રોત્સાહન પુરુ પાડતા આ પ્રસંગે, રાજ્યસભાના સાંસદ શ્રી મયંકભાઈ નાયક, ખેરાલુના ધારાસભ્ય શ્રી સરદારભાઈ ચૌધરી, મહેસાણા ડિસ્ટ્રીક્ટ કો.ઓ.બેંકના ચેરમેન શ્રી વિનોદભાઈ પટેલ, બેંકના વાઈસ ચેરમેન શ્રી કેશુભાઈ પટેલ, ડેરીના વાઈસ ચેરમેન શ્રી દશરથભાઈ પટેલ, MD શ્રી ધીરજકુમાર તથા નિયામક મંડળ અને મોટી સંખ્યામાં મહેસાણા દૂધસંઘના દૂધ ઉત્પાદકો ઉપસ્થિત રહ્યા હતા.

# કર્મચારીઓના સહકારની સુવાસથી સરાબોર સહયોગ

## તમામ 17 બેઠકો બિનહરીફ - ફાલ્ગુનભાઈ ચૌધરીને માથે જવાબદારી યથાવત

### દૂધસાગર ડેરીના કર્મચારીઓની શાખ અને પૂરવઠા સહકારી મંડળી (સહયોગ) એ પાટણ સુધી પાંખો પ્રસારી



ગુજરાતની સૌથી મોટી પ્રાથમિક સહકારી મંડળીઓમાં સ્થાન ધરાવતી દૂધસાગર ડેરીના કર્મચારીઓની શાખ અને પુરવઠા સહકારી મંડળી (સહયોગ) ની ચૂંટણીમાં તમામ ૧૭ બેઠકો ઉપર ઉમેદવારો બિનહરીફ જાહેર થતાં વાસ્તવિક અર્થમાં ; સહયોગ - સહકારની - સુવાસથી સરાબોર બનવા પામી છે !!

દૂધસાગર ડેરીના ચેરમેનશ્રી અશોકભાઈ ચૌધરીના સબળ નેતૃત્વ હેઠળ સહયોગ મંડળીની તમામે તમામ ૧૭ બેઠકો ઉપર ઉમેદવારો બિનહરીફ જાહેર થવાથી મહેસાણા દૂધ સંઘમાં કામ કરતા કર્મચારીઓ તથા મંડળીના સભ્યોની સમજદારી, એકતા અને અતૂટ વિશ્વાસનું વાતાવરણ મજબૂત થતું સ્પષ્ટ જોવા મળ્યું હતું. આ સાથે, વિતેલા પાંચ વર્ષમાં સહયોગના ચેરમેન તરીકે ખૂબ જ કરકસર અને વહિવટીય સૂઝબુઝ સાથે સંપૂર્ણ પ્રામાણિકતાથી સહયોગના અર્થતંત્રને ધબકતું કરી - સહયોગ સાથે જોડાયેલા તમામ સભાસદોના હિતને પ્રાધાન્યતા આપી વધુમાં વધુ લાભ આપવાનો નવો ચિલો ચિતરનાર તથા દૂધસાગર ડેરીના ચેરમેનશ્રીના અત્યંત વિશ્વાસુ શ્રી ફાલ્ગુનભાઈ ચૌધરીના માથે આવનાર પાંચ વર્ષ સુધી ફરીથી ચેરમેન પદની જવાબદારી યથાવત રાખવામાં આવી છે.

રુપિયા ૨૪૦ કરોડથી વધુનું વાર્ષિક ટર્નઓવર ધરાવતી “સહયોગ” મંડળી માત્ર કર્મચારીઓની બચત પૂરતી મર્યાદિત નથી. આ મંડળી શુધ્ધ મીઠાઈ અને ફરસાણની ઉત્કૃષ્ટ બનાવટો તૈયાર કરી પોતાની ૨૪ શાખાઓ ઉપર વેચાણ કરે છે. જેનો તમામ લાભ દૂધસાગર ડેરીના કાયમી કર્મચારી સભાસદોને પ્રાપ્ત થાય છે.

#### સહયોગનું નવનિયુક્ત નિયામક મંડળ

| વિભાગ | બિનહરીફ જાહેર થયેલ ડિરેક્ટરશ્રીના નામ |
|---|---|
| ઓફિસ વિભાગ | (૧) ફાલ્ગુનકુમાર માનસિંહભાઈ ચૌધરી<br>(૨) ભરતકુમાર ગંગારામ દવે<br>(૩) કેયુર અમથાભાઈ દેસાઈ |
| ફેક્ટરી વિભાગ | (૧) અશોકકુમાર નારણભાઈ ચૌધરી<br>(૨) ચિરાગ બળદેવદાસ પટેલ<br>(૩) જયેશ જ્યંતિલાલ રાવલ<br>(૪) ધરમસિંહભાઈ નાથાભાઈ દેસાઈ<br>(૫) પ્રકાશભાઈ બબાભાઈ ચૌધરી<br>(૬) ભરતકુમાર વિરસંગભાઈ ચૌધરી<br>(૭) મહેશકુમાર પરાગભાઈ ચૌધરી<br>(૮) રાજુજી ગાંડાજી ઠાકોર |
| કેટલફિડ અને ચીલીંગ સેન્ટર વિભાગ | (૧) મનીષાબેન લાલજીભાઈ પટેલ<br>(૨) વિષ્ણુભાઈ શંકરભાઈ ચૌધરી<br>(૩) ગૌરવકુમાર પ્રવીણભાઈ પટેલ<br>(૪) વિરસંગભાઈ રામજીભાઈ ચૌધરી |
| દૂધ માનસાગર ડેરી (માનેસર) | (૧) સીમા રાની |
| દૂધ મોતીસાગર ડેરી (ધારુહેડા) | (૧) ચિરાગભાઈ નરસિંહભાઈ સેનમા |

આ સાથે, સહયોગની સોના જેવી સુગંધમાં સુવાસ ભળે તેમ તાજેતરમાં ઐતિહાસીક નગરી પાટણ ખાતે દૂધસાગર ડેરીના યશસ્વી ચેરમેન શ્રી અશોકભાઈ ચૌધરી વરદ હસ્તે સહયોગ સંચાલિત ૨૪ મી શાખાનો શુભારંભ કરવામાં આવ્યો છે અને મહેસાણામાં મળતા તમામ સહયોગના ઉત્પાદનો હવે, પાટણમાં પણ પોતાના સ્વાદ અને સુગંધ થકી એક નવો અધ્યાય લખવાની શરુઆત થઈ ચૂકી છે.

## નવી દિલ્હી ખાતે NCDC ની બોર્ડ મિટીંગ યોજાઈ ડિરેક્ટર તરીકે અશોક ચૌધરી હાજર રહ્યા



દેશના સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહના માર્ગદર્શન હેઠળ સ્થાપિત કરવામાં આવેલ નેશનલ કો.ઓપ. ડેવલોપમેન્ટ કોર્પોરેશન (NCDC) દેશભરની સહકારી સંસ્થાઓના સર્વાંગી વિકાસ માટે આર્થિક સહાય અને પ્રોત્સાહન પુરુ પાડે છે. નવી દિલ્હી ખાતે આયોજીત એક મિટીંગમાં અમૂલના ચેરમેન શ્રી એ હાજરી નોંધાવી પોતાની ભૂમિકા નિભાવી હતી.

## મધ્યપ્રદેશ વિધાનસભાના અધ્યક્ષશ્રી નરેન્દ્રસિંહ તોમર સાથે અશોકભાઈએ ગ્વાલિયર ખાતે સૌજન્ય મુલાકાત કરી

**શ્રી નરેન્દ્રસિંહ તોમર અગાઉ કેન્દ્ર સરકારમાં કૃષિ અને ખેડૂત કલ્યાણમંત્રી તથા ગ્રામિણ વિકાસ તથા પંચાયત રાજમંત્રી તરીકે મહત્વના હોદ્દાઓ સંભાળી ચૂક્યા છે**



તાજેતરમાં ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ અને જાણીતા રાજકીય નેતા તથા હાલમાં મધ્યપ્રદેશ વિધાનસભાના અધ્યક્ષ શ્રી નરેન્દ્રસિંહ તોમર સાથે GCMMF ના ચેરમેનશ્રી અશોકભાઈ ચૌધરી અને મહેસાણા દૂધસાગર ડેરીના મેનેજીંગ ડિરેક્ટર શ્રી ધીરજ ચૌધરી તેમના ગ્વાલિયર ખાતેના નિવાસ સ્થાને મુલાકાત કરી તેઓના અમૂલ્ય અનુભવોનો લાભ લીધો હતો.

Amul મંથન

## અમૂલના ચેરમેનશ્રી અશોકચૌધરીએ ભારત સરકારના સહકાર મંત્રાલયના સેક્રેટરી શ્રી આશિષકુમાર ભૂતાની સાથે પશુપાલન લક્ષી વિચાર વિમર્શ કર્યો




અમૂલ અને દૂધસાગરના ચેરમેનશ્રીએ પોતાની દિલ્હી યાત્રા દરમ્યાન ભારત સરકારના સહકાર મંત્રાલયના સેક્રેટરી શ્રી આશિષકુમાર ભૂતાનીજી સાથે સહકાર ક્ષેત્રના સર્વાંગી વિકાસ, સહકારી સંસ્થાઓના સશક્તિકરણ અને ખેડૂતો તથા પશુપાલકો અને ગ્રામ્ય અર્થતંત્રને મજબુત કરવા અંગે રચનાત્મક ચર્ચાઓ કરી હતી.

## પશુપાલન અને ડેરી વિભાગના એડીશનલ સેક્રેટરી શ્રી વર્ષાબેન જોષી સાથે અમૂલના ચેરમેનશ્રીએ મુલાકાત કરી માર્ગદર્શન મેળવ્યું



અમૂલના ચેરમેન તરીકે પોતાની જવાબદારીને પૂર્ણ ન્યાય આપતાં શ્રી અશોકભાઈ ચૌધરીએ પશુપાલન, ડેરી વિકાસ, સહકારી ક્ષેત્રના સશક્તિકરણ અને ગ્રામ્ય અર્થતંત્રને નવી દિશા આપવાના પ્રયાસરુપે નવી દિલ્હી ખાતે પશુપાલન અને ડેરી વિભાગના એડીશનલ સેક્રેટરી શ્રી વર્ષાબેન જોષીજી સાથે અનુભવોની આપ લે સાથે પ્રેરણાદાયી માર્ગદર્શન મેળવ્યું હતું.



## આણંદ ખાતે અમૂલ ફેડરેશનની સમીક્ષા બેઠક યોજાઈ

અમૂલ ફેડરેશનની હેડ ઓફિસ આણંદ ખાતે GCMMF ના ચેરમેન શ્રી અશોકભાઈ ચૌધરીના અધ્યક્ષ પદે વિવિધ વિભાગોના અધિકારીઓ સાથે તાજેતરમાં એક સમીક્ષા બેઠક યોજાઈ હતી જેમાં દૂધ ઉત્પાદકોના હિતોને વધુ અસરકારક રીતે સુરક્ષા, ગ્રાહકોને ગુણવત્તાયુક્ત સેવાઓની સરળ ઉપલબ્ધતા અને ટેકનોલોજી સાથે કાર્યક્ષમતા વધારી ફેડરેશનને વધુ મજબૂત કરવા અંગે નિર્ણયો લેવાયા હતા. આ બેઠકમાં ફેડરેશનના વાઈસ ચેરમેનશ્રી ગોરધનભાઈ ધામેલીયા ઉપસ્થિત રહ્યા હતા.

# જ્યાં વહે છે દૂધની ધારા, ત્યાં રોપાયા વૃક્ષો પ્યારા

## આ વર્ષાઋતુમાં 5500 કરતાં વધુ વૃક્ષોનું દૂધસાગરના સમગ્ર કાર્યક્ષેત્રમાં વાવેતર થશે



તા.5/જૂન એટલે વિશ્વ પર્યાવરણ દિવસ ! પ્રકૃતિના ખોળામાં બેસીને દૂધના દરીયાને છલકાવતી દૂધસાગરનો લીલોતરી પ્રેમ હંમેશાં અકબંધ રહ્યો છે. આજે મહેસાણા દૂધસાગર ડેરી પાસે જે લીલોતરી છે તે વાસ્તવમાં પ્રકૃતિના હાથે લખાયેલી આ સંસ્થાની એક આગવી ગાથા છે. આપણા ડેરીના વાસ્તુશાસ્ત્રમાં મોર અને લીલાઝાડ આપોઆપ જોડાઇ ગયેલા છે ત્યારે, આ ધરોહરને વર્ષો વરસ સમૃદ્ધ કરવાની આપણી જવાબદારીના ભાગરુપે સંસ્થાના ચેરમેનશ્રી અશોકભાઈ ચૌધરી અને MD શ્રી ધીરજકુમાર ચૌધરીની પ્રેરક ઉપસ્થિતીમાં વર્ષાઋતુ આવતાં પહેલાં જ મહેસાણા દૂધસાગર ડેરીના આંગણે અનેકો અનેક કર્મચારીઓની હાજરી વચ્ચે વૃક્ષોના વધામણા કરવામાં આવ્યા. વર્તમાન વર્ષે આપણે મહેસાણા તેમજ દૂધસંઘના જુદા જુદા પ્લાન્ટ જેવા કે ; વિહાર, પાટણ, હારીજ, ખેરાલુ, પી.એસ.કે - જગુદણ, સી.એફ.પી - ઉબખલ ખાતે મોટા વૃક્ષો તેમજ ફુલ છોડ વાવવાનું આયોજન કરેલ છે. જેમાં,




દૂધસાગર ડેરી (પાટણ) ખાતે : ૯૦ વૃક્ષ, મિલ્ક ચિલીંગ સેન્ટર (હારીજ) ખાતે : ૨૭૮ વૃક્ષ, ઓર્ગેનિક પ્લાન્ટ (ખેરાલુ) ખાતે : ૯૦ વૃક્ષ, મિલ્ક ચિલીંગ સેન્ટર (ખેરાલુ) ખાતે : ૩૫ વૃક્ષ, પી.એસ.કે (જગુદણ) ખાતે : ૭૦૦ વૃક્ષ, દૂધસાગર ડેરી (વિહાર) ખાતે : ૩૫૦ વૃક્ષ, દૂધ વિદ્યાસાગર ડેરી (કડી) ખાતે : ૪૫૦ વૃક્ષ, સી.એફ.પી. (ઉબખલ) ખાતે : ૧૦૦ વૃક્ષ અને દૂધસાગર ડેરી (મહેસાણા) ખાતે : ૩૫૦૦ વૃક્ષ. આમ કુલ મળીને, ૫૫૯૩ વૃક્ષો વાવી તેમને ઉછેરવાનો સંકલ્પ કરવામાં આવ્યો છે.

આ ઝાડમાં લીમડા, કદમ, બોટપામ, ફોકસટેલ પામ, વિછીંયા પામ, નીલગીરી, નાળીયેરી, અરડુસી, આસોપાલવ, બોર સલ્લી, સપ્તપર્ણ, ચીકુડી, આંબા, જામફળ, ગુલાબ, જાસુદ, કરેણ, ટગર, સરગવો, બદામ, ગરમાળો, છરુ, આંબળા, સીતાફળ અને ટર્મેલીયા જેવા વૃક્ષો તથા ફુલછોડોને વાવીને ઉછેર કરવાની જવાબદારી સાથે આ વર્ષથી દૂધસાગર ડેરી (મહેસાણા) ખાતે પોતાની એક આગવી નર્સરી પણ બનાવવાનો સંકલ્પ લેવાયો છે.



પોતાના ગામમાં - સ્થાનિક દૂધમંડળીમાં "અમૂલ પાર્લર" શરુ કરવાથી પોતાની દૂધ મંડળી આર્થિક રીતે મજબૂત બનશે અને તેનો સરવાળે લાભ ગામના પશુપાલકોને જ થવાનો છે આ વાતને બરાબર સમજી ગયેલા સ્થાનિક દૂધમંડળીઓના પ્રમુખ - મંત્રી શ્રી તથા ગ્રામજનોએ ચેરમેનશ્રીની આ વાતને વધાવી લીધી અને તાજેતરમાં જ મહેસાણા દૂધસંઘના ચેરમેનશ્રીની પ્રેરક ઉપસ્થિતીમાં દૂધસાગર કાર્યક્ષેત્રની ૩૧ થી વધુ દૂધ મંડળીઓ ઉપર "અમૂલ પાર્લર " ભારે સફળતાથી પોતાના અસ્તિત્વની નોંધ લેવડાવી રહ્યા છે.

અત્યાર સુધીમાં, આપણા કાર્યક્ષેત્રમાં નીચે મુજબની ૩૧ મંડળીઓમાં અમૂલ પાર્લર ચાલુ થયેલ છે અને આ અમૂલ પાર્લરનો સરેરાશ એક દિવસનો વેપાર નીચે પ્રમાણે નોંધાયો છે.

**શુભારંભિત થયેલ અમૂલ પાર્લરનો એક દિવસીય વેપાર**

| ક્રમ | ગ્રામ્ય દૂધ મંડળી | વેપાર |
|---|---|---|
| ૧ | ડાવોલ | ૧૨,૬૦૦ |
| ૨ | ડભાડ | ૧૦,૮૭૦ |
| ૩ | વિઠોડા | ૬૧૦૦ |
| ૪ | જુના સુદાસણા | ૧૫,૫૩૫ |
| ૫ | ભીમપુર | ૨૯૦૦ |
| ૬ | ઉમરી | ૧૫,૮૯૦ |
| ૭ | ગુંજા | ૧૪,૮૦૦ |
| ૮ | પાલડી | ૧૪,૦૬૬ |
| ૯ | ઐઠોર | ૧૩,૧૯૭ |
| ૧૦ | તરભ | ૧૧,૫૦૦ |
| ૧૧ | લાછડી | ૯૦૪૦ |
| ૧૨ | જેતલવાસણા | ૯૨૫૦ |
| ૧૩ | દવાડા | ૧૧,૨૦૦ |
| ૧૪ | બાદરપુર | ૩૩૫૦ |
| ૧૫ | વામજ | ૯૪૮૦ |
| ૧૬ | મરતોલી | ૨૦,૬૦૦ |
| ૧૭ | માકણાજ | ૧૦,૦૨૦ |
| ૧૮ | અંબાસણ | ૪૮૦૦ |
| ૧૯ | અમુઢ | ૭૭૦૦ |
| ૨૦ | સમોડા | ૮૩૩૦ |
| ૨૧ | સેદ્રાણા | ૬૮૦૦ |
| ૨૨ | કુદેડા | ૧૩,૫૦૦ |
| ૨૩ | રણશીપુર | ૮૬૦૦ |
| ૨૪ | ખોરસમ | ૧૨,૦૦૦ |
| ૨૫ | ખંડિયા | ૨૯૭૦ |
| ૨૬ | સોઢવ | ૬૬૪૬ |
| ૨૭ | એંદલા | ૬૭૯૦ |
| ૨૮ | વરેઠા | ૯૨૦૦ |
| ૨૯ | કાંસા | ૨૧,૨૦૦ |
| ૩૦ | સિપોર | ૪૦૦૦ |
| ૩૧ | દેણપ | ૫૨૫૦ |
| | કુલ વકરો | ૩,૦૮,૧૮૪ |

દૂધસાગર પત્રિકાના વાંચકો બાજુના કોષ્ટક પરથી જાણી શકે છે કે ; આપણા કાર્યક્ષેત્રમાં શરુઆતના તબક્કે ચાલુ થયેલા અમૂલ પાર્લરોમાં નોંધાયેલ વેપાર (વકરો) મુજબ જોતાં, આ બધી મંડળીઓ ઉપર વાર્ષિક લગભગ ૪૦ લાખથી વધુનો વેપાર થશે તેવી શક્યતાઓ લાગી રહી છે. જેથી, " અમૂલ પાર્લર" અપનાવનારી સ્થાનિક દૂધ મંડળીઓનું ટર્ન ઓવર અને નફામાં નોંધપાત્ર વધારો નોંધાશે.

અમૂલ - દૂધસાગર અને સહયોગના સંયુક્ત ઉપક્રમે શરુ થયેલા આ પાર્લરોમાં સુયોગ્ય રીતે વેપાર અને માલ ઉપલબ્ધ થાય તે માટે ¤ પાર્લર ઉપર દૂધસાગર ડેરી દ્વારા દૂધ, દહીં અને છાશ ડીલર કમીશનથી પહોંચાડવામાં આવશે ¤ અમૂલ પાર્લર ઉપર ફેડરેશનના અધિકૃત ડીલર પાસેથી સારા કમિશન પ્રમાણે આઈસ્ક્રીમ, કેન્ડી તેમજ અમૂલની અન્ય બનાવટો પહોંચાડવાની વ્યવસ્થા ગોઠવેલ છે ¤ અમૂલ પાર્લર ઉપર સહયોગની ગાડી દ્વારા સહયોગની મીઠાઈ, ફરસાણ, શીખંડ જેવી બનાવટો ૧૦% કમીશનથી આપવામાં આવે છે ¤ આ અમૂલ પાર્લરો ઉપર મહેસાણા ડિસ્ટ્રીક્ટ બેંક દ્વારા સાઉન્ડ બોક્સ સાથેની QR કોડની સિસ્ટમ પૂરી પાડવામાં આવી રહી છે ¤ અમૂલ પાર્લરના સ્ટોક અને વેચાણ અંગેના પ્રોગ્રામ તેમજ Q R કોડ ગનની પણ વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ; સ્થાનિક દૂધ મંડળીઓ ઉપર અમૂલ પાર્લર બનવાથી દૂધ ઉત્પાદકોને તથા ગ્રામ્યજનોને મહેસાણા ખાતે મળતા ભાવે જ ગામમાં દૂધસાગર અને સહયોગના ઉત્પાદનો તથા અમૂલના ઉત્પાદનો પ્રાપ્ત થશે. ફેડરેશન - દૂધસાગર - સહયોગ ની તમામ બનાવટો મંડળી ઉપર વાહન દ્વારા પહોંચાડવા માટે જુદા-જુદા રુટોની વ્યવસ્થા ઉભી કરવામાં આવેલી હોવાથી દૂધ મંડળીઓના પ્રતિનીધીઓને માલ મેળવવા ક્યાંય ધક્કા ખાવા નહીં પડે. આ સાથે, અમૂલ પાર્લર ચાલુ થવાથી ગામના એક વ્યક્તિને રોજગારી મળવાની સાથે વધેલા વેપારનો નફો મંડળીના માધ્યમથી ભાવ વધારા સ્વરુપે દૂધ ઉત્પાદકને મળશે. તેમજ, અમૂલ અને દૂધસાગરની બનાવટોનો વેચાણ થવાથી નફો ફેડરેશન દ્વારા સંઘમાં અને સંઘ દ્વારા ગામની ડેરીના માધ્યમથી દૂધ ઉત્પાદકને મળશે. ગામડાઓમાં અમૂલનો વિશ્વાસ મજબૂત થવાથી ખાનગી વેચાણો બંધ થવાથી સંઘ અને સહકારી સંસ્થાઓ મજબૂત બનશે. ગુણવત્તા યુક્ત ઉત્પાદનોની સાથે ગામડાના બજારમાં અમૂલ પાર્લર એક મજબૂત માપદંડ ઉભો કરશે.

# સિધ્ધ થયો શબ્દ : સાર્થક થયો પ્રયાસ

## જયાં – જયાં દૂધમંડળી ત્યાં – ત્યાં હવે, અમૂલ

Amul | SAGAR | Sahyog

**દૂધસાગરના કાર્યક્ષેત્રમાં 31 ચાલુ થયેલ અમૂલ પાર્લરોને ભારે સફળતા મળી છે - નજીકના ભવિષ્યમાં આવા 200 પાર્લરનું લક્ષ્યાંક છે**







સહકારી શક્તિ જ્યારે દિર્ઘદ્રષ્ટી સાથે જોડાય છે ત્યારે કેવા મીઠા પરિણામો આવે છે તેનું જીવંત ઉદાહરણ દૂધસાગર ડેરીએ પુરુ પાડ્યું છે. ડેરીના ચેરમેનશ્રી અશોકભાઈ ચૌધરીનું એક સપનું રહ્યું છે - “મારો પશુપાલક કઈ રીતે સુખી થાય ?” આ સપનાને સાકાર કરવા તેઓએ ફેડરેશન અને દૂધસાગર ડેરીના માધ્યમથી ગ્રામ્ય સ્તરે એક નવો જ આર્થિક ઈતિહાસ લખી દીધો છે.

આજથી ચાર વર્ષ પહેલાં અમૂલના MD શ્રી જયેન મહેતા, મહેસાણા દૂધસંઘના MD ધીરજકુમાર ચૌધરી ના માર્ગદર્શન હેઠળ ડેરીના અધિકારીઓએ ગામડે - ગામડે ટેન્કરોમાં ફરીને એક સર્વે કર્યો હતો. પરિણામો ચોંકવનારા હતા - આપણા જ કાર્યક્ષેત્રમાં ૧૮ થી વધુ ખાનગી અને ગુણવત્તા વિહીન બ્રાન્ડોની આઈસ્ક્રીમ અને દૂધની બનાવટો વેચાઈ રહી હતી. જેનાથી ગામડાનું નાણું બહાર જતું હતું. અને, આરોગ્ય સાથે અડપલાં થતાં હતા. આ દુષણને રોકવા ચેરમેનશ્રીની નિશ્રામાં મનોમંથન શરુ થયું અને જ્યારે આપણા ચેરમેનશ્રી - ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન (GCMMF) ના ચેરમેન બન્યા ત્યારથી જ ગુજરાતના ૧૮૦૦૦ ગામડાઓની દૂધ મંડળીઓ ઉપર “અમૂલ પાર્લર” શરુ કરવાનો એક અભૂતપુર્વ યજ્ઞ અને ભગીરથ પ્રોજેક્ટ હાથ ધર્યો છે.







(અનુસંધાન પેજ 07 ઉપર)

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. વતી ચેરમેનશ્રી તથા નિયામક મંડળ અને મેનેજીંગ ડિરેક્ટરની સલાહ સૂચન મુજબ તંત્રીઃ મહેશ ચૌધરીએ સંકલન, સંપાદન કરી સદર સામયિક પ્રસિધ્ધ કરેલ છે.
આસ્થા ડિજીટલ, મહેસાણા